सत्यमेव जयते

# અગિયારમી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધા

રાજ્ય યુવક બોર્ડ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર

હરિ ઓમ આશ્રમ પ્રેરિત અને
રાજ્ય યુવક બોર્ડ આયોજિત

# અગિયારમી સમુદ્ર હોડી સ્પર્ધા

નાની દાંતીથી દમણ
૨૦ દરિયાઈ માઈલ
૧૮ ડિસેમ્બર ૧૯૮૦
સવારે ૮-૦૦ વાગ્યે

## સ્મરણિકા

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ,
ગાંધીનગર



આ સાગર સાહસના પ્રણેતા અને પુરસ્કર્તા
પૂજ્ય શ્રી મોટા
જેમના આશીર્વાદથી સ્પર્ધાનું સફળ સંચાલન થતું રહ્યું છે.

મુખ્યમંત્રી

ગુજરાત રાજ્ય

રાજ્ય યુવક બોર્ડ તરફથી તરણ સ્પર્ધા અને હોડી સ્પર્ધા જેવી સાગરસાહસલક્ષી પ્રવૃત્તિઓ છેલ્લા એક દશકાથી નિયમિત યોજાતી રહી છે તે જાણી આનંદ થયો. રાજ્યના યુવક સમુદાયે પર્વત પ્રદેશો સર કરી પોતાની સાહસપ્રિયતાની પ્રતીતિ કરાવી જ છે. સાગર ક્ષેત્રે પણ આપણી યુવાશક્તિ આવા જ પ્રેરક અને યશસ્વી વિક્રમો સર્જે એવી આશા રાખી અગિયારમી સમુદ્ર હોડી સ્પર્ધાના સફળ આયોજન માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

માધવસિંહ સોલંકી

મંત્રી,

ગૃહ, શિક્ષણ અને સંસદીય બાબતો

ગુજરાતના અગ્રણી લોકસંત અને સમાજસેવક સદ્ગત પૂજ્ય મોટાની પ્રેરણા અને પ્રોત્સાહનથી પ્રારંભાયેલી સાગરપ્રવૃત્તિ અગિયારમા વર્ષમાં પ્રવેશે છે એ ખરેખર ગૌરવપ્રદ હકીકત છે. આવાં વિકાસ કાર્યો મારફત ગુજરાતનાં યુવક યુવતીઓમાં સાહસ સંસ્કારો સીંચવાની કીમતી કામગીરી ઉપાડી લેવા બદલ રાજ્ય યુવક બોર્ડ અભિનંદનનું અધિકારી છે. ભારતમાં ગુજરાત રાજ્યને વિશાળ દરિયાકાંઠો હોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે એ હકીકત જોતાં આ આયોજન મહત્ત્વનું બની રહે છે.

આ હોડી સ્પર્ધામાં સૌ સ્પર્ધકોને હાર્દિક આવકાર પાઠવી સફળતા વાંછું છું.

પ્રબોધ રાવળ

મંત્રી,

નાણાં, આયોજન, મજૂર, રોજગાર, નશાબંધી અને આબકારી

રાજ્ય યુવક બોર્ડ તરફથી ગુજરાતના કાંઠાળ વિસ્તારના યુવાનો માટે પણ સમગ્ર યુવકસમુદાયની જેમ જ વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમો એકધારી સફળતાથી નિયમિત યોજાતા રહ્યા છે અને આ તેનું અગિયારમું વર્ષ છે એ હકીકત રાજ્યના યુવાવિકાસ કાર્યક્રમ માટે ઉલ્લાસપ્રેરક છે કારણ કે ગુજરાતની સાગરખેડુ કોમને પોતાના ગુણધર્મ જેવા સાહસ સંસ્કારો સચેત રાખવાની અને વિકસાવવાની આવી હોડી સ્પર્ધા નિમિત્તે તક અને મોકળાશ મળી રહે છે.

આવા અનન્ય આયોજનને હું આવકારું છું અને તેને સફળ બનાવવામાં સૌ સ્પર્ધકો તણા આયોજકોના પ્રયાસોને શુભેચ્છા પાઠવું છું.

સનત મહેતા

મંત્રી,

આરોગ્ય, ના.પુ. અને રમતગમત

ગુજરાત રાજ્યને વિશાળ દરિયાકાંઠાની ભૌગોલિક વિશેષતાનો જે લાભ મળ્યો છે તથા સાગર પરાક્રમોનો ખુમારીભર્યો વારસો જે ગુજરાતમાં વિકસ્યો છે તેના સંદર્ભમાં આ હોડી સ્પર્ધા જેવા જળવિસ્તારના સાહસ કાર્યક્રમો ખૂબ આવકાર્ય નીવડે છે. દશકા ઉપરાંતથી આ પ્રવૃત્તિને ખમીરવંતો યુવક સમુદાય આવકારતો રહ્યો છે એ પણ તેની ઉપયોગિતા પુરવાર કરે જ છે.

આવી વિશિષ્ટ દરિયાઈ પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તરે અને આયોજન પણ વિકસે તો તેના પ્રણેતા પૂ. મોટાની ભાવના વિશેષ ચરિતાર્થ થાય.

સ્પર્ધાના સફળ સંચાલન માટે મારી હાર્દિક શુભેચ્છા.

મનોહરસિંહજી જાડેજા

સચિવ,
શિક્ષણ વિભાગ

હરિ ૐ આશ્રમ પ્રેરિત દાંડીથી દમણ સુધીની હોડી સ્પર્ધા તા. ૧૮–૧૨–૮૦ ના રોજ થવાની છે તે જાણીને આનંદ થયો. પૂજ્ય મોટાએ યુવકો અને યુવતીઓમાં ગુણ અને ભાવનાની વૃદ્ધિ થાય તે માટે ઘણી યોજનાઓ ઘડી છે અને તેના માટે માતબર રકમ ફાળવી છે.

૧૯૬૭માં હું જ્યારે ગુજરાત રાજ્ય ક્રિડા સમિતિનો સચિવ હતો ત્યારે સમુદ્રતરણ હરીફાઈ માટે તેમણે દાન આપ્યું હતું અને પ્રાયોગિક ધોરણે નર્મદા તરણ સ્પર્ધાનું આયોજન કરવાનો લહાવો મને મળ્યો હતો. ગુજરાતના યુવકો માટે પૂજ્ય મોટાનો પ્રેમ કેટલો હતો અને ગુજરાતના યુવકોના ઉત્કર્ષ માટે તેમની તમન્ના કેટલી પ્રબળ હતી તેનો મને પ્રત્યક્ષ અનુભવ છે.

આખા દેશના કોઈપણ રાજ્ય કરતાં ગુજરાત પાસે લાંબામાં લાંબો દરિયાકીનારો છે. ગુજરાતમાં વહાણવટાનો ઈતિહાસ ખૂબ ગૌરવશીલ છે. ગુજરાતના યુવકો સાગર સાથે સોબત કેળવે તે ખૂબ જરૂરી છે. પૂજ્ય મોટાએ જે ભાવનાથી આ પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે દાન આપ્યા છે તે ભાવના સાકાર થાય તે માટે શ્રી હરિને પ્રાર્થના.

હેમકુમાર મિસ્ત્રી

# પડકાર ઝીલવાની પ્રવૃત્તિ

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય યુવક બોર્ડ તરફથી રાજ્યભરનાં યુવકો માટે વ્યક્તિત્વ વિકાસના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આમાં જુદી જુદી સાહસલક્ષી પ્રવૃત્તિઓ પણ યોજાય છે. વળી સાગરના જળ વિસ્તારમાં યોજાતી આવી સાહસપ્રેરક પ્રવૃત્તિઓથી તેમાં રોમાંચક વૈવિધ્ય પણ ઉમેરાય છે.

સાગર–સાહસની આવી બે મુખ્ય પ્રવૃત્તિઓ તે આ–એક અખિલ ભારતીય ધોરણે યોજાતી સમુદ્ર તરણ સ્પર્ધા અને બીજી રાજ્ય કક્ષાએ યોજાતી સમુદ્ર હોડી સ્પર્ધા. આ હોડી સ્પર્ધામાં પણ વિવિધ વૈવિધ્ય છે.સઢવાળી અને હલેસાવાળી એમ બે પ્રકારની હોડીઓની સ્પર્ધા યોજાતી રહે છે.

દરિયાઈ જળ વિસ્તારની આવી વિશિષ્ટ સ્પર્ધાઓથી કાંઠાળ વિસ્તારના, ગ્રામ વિસ્તારના અને પછાત, અશિક્ષિત તથા અવિકસિત વર્ગના યુવકોને શારીરિક ખડતલતા, ખમીર, નૌકાસંચાલન જેવી પોતાની લાક્ષણિક વિશેષતાઓ પ્રગટાવવાની તક તથા મોકળાશ મળે છે.

માછીમારો, ખારવા, ખલાસીઓ જેવા સાગરખોળાના સ્વભાવમાં–જીવનમાં એક પ્રકારની પડકારની વૃત્તિ : ચેલેન્જિંગ એટિટ્યૂડ : વણાઈ ગયેલી જોવા મળે છે. કોઈ પણ પ્રકારના સંકટમાંથી ઉપાય શોધી કાઢી માર્ગ કાઢવાનું તેને માટે સહજ બની ગયું છે. મને લાગે છે કે યુવક માનસની જ આ એક લાક્ષણિકતા છે. યુવાન એટલે જ પડકારનો પ્રતિનિધિ. પડકાર ન હોય તો યૌવન બેચેન બની જાય. પડકાર હોય ત્યાં જ યુવક વ્યક્તિત્વની શક્તિ ખીલે અને વિકસે. રાજ્ય યુવક બોર્ડ તરફથી સાગરજળમાં યોજાતી સાહસની આ સ્પર્ધાઓ યુવકોમાં આવો પડકારનો ભાવ વિકસાવે છે અને એ રીતે તેની ઉપયોગિતા સૌથી ઊંચી છે.

પરંતુ મને લાગે છે કે આ આયોજનનો લાભ મુખ્યત્વે આ કાંઠાળ વિસ્તારના અને અમુક કોમના યુવાનોને જ મળતો રહ્યો છે. એક દશકા દરમિયાન આ વિસ્તારોમાં આ પ્રવૃત્તિ વિશે સારી જાગૃતિ લાવી શકાઈ છે. હવે સાગર સ્પર્ધાઓમાં રાજ્યના અન્ય અને ખાસ કરીને શહેર વિસ્તારોના યુવકો તથા બને તો યુવતીઓને પણ ભાગ લેવા પ્રોત્સાહન આપવું જોઈએ. રાજ્યના યુવકો–યુવતીઓ પર્વત વિસ્તાર ખૂંદતાં થયાં છે અને પર્વતારોહણ ક્ષેત્રે તો દેશ ભરમાં પ્રશસ્ય પહેલ કરીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. દરિયાકાંઠાની બાબતમાં ગુજરાતને વિશિષ્ઠ ભૌગોલિક લાભ સાંપડયો છે એટલે ગુજરાતમાંથી વધુને વધુ યુવકો સાગર સ્પર્ધાઓમાં ઉમટી પડે એવું આયોજન ગોઠવવાથી રાજ્યના યુવકોના વ્યક્તિત્વ વિકાસ માટે એક નવું ક્ષેત્ર અને નવા ક્ષિતિજ સાંપડશે તથા ચીલાચાલુ પ્રવૃત્તિઓમાં નવા રોમાંચક અને સાહસપૂર્ણ રંગો ઉમેરાશે.

ગુજરાતના યુવાનો સાગરને ખૂંદવા – નાથવા અવશ્ય ઉમટી પડશે અને ગુજરાતના સાગર સાહસના ભવ્ય અને ગૌરવવંતા ઈતિહાસની પ્રેરણા ઝીલશે એવી મને શ્રદ્ધા છે.

**મનોહરસિંહજી જાડેજા**
મંત્રી,
આરોગ્ય, ના. પ. અને રમતગમત




સ્પર્ધા પ્રસંગે જામતું લોકોત્સવનું વાતાવરણ



સ્પર્ધાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.



સ્પર્ધાનો પ્રારંભ



સ્પર્ધાની રોમાંચક ક્ષણો

# યૌવન અને સાહસ

આદિકાળથી માનવીને કુદરત સાથે અત્યંત નિકટનો નાતો રહ્યો છે. એટલે જ તે હંમેશાં કુદરતમાંથી પ્રેરણા મેળવતો રહ્યો છે અને જાણે કુદરતને આંબવા સતત પુરુષાર્થી બનતો રહ્યો છે. પક્ષીને ઉડતાં જોઈને મનુષ્યને પણ હવામાં તરવાની–ઉડવાની પ્રેરણા મળી અને તેમાંથી જ હવાઈ જહાજોની શોધનો પુરુષાર્થ પ્રગટ્યો. તેમાંથી અનેકવિધ અને ચિત્ર–વિચિત્ર હવાઈ જહાજોનું સંશોધન થયું તથા જમ્બો જેટ જેવા વિશાળકાય વિમાનોનું નિર્માણ થયું. પાણીમાં તરતાં પ્રાણીઓને જોઈ માનવીને એ માધ્યમને મહાત કરવાના પણ મનોરથ જાગ્યા. પરિણામે જોજનનું અંતર કાપતાં વહાણો, સ્ટીમરો અને સબમરીનો શોધાઈ અને સમુદ્રને નાથી શકાયો. એટલે જ નિરંતર કુદરતનાં સાંનિધ્યમાં જીવતા અને સતત સક્રિય તેમજ પુરુષાર્થી રહેતાં નાવિક ખલાસીનાં જીવન પ્રેરક દૃષ્ટાંત બની રહ્યાં છે. અક્ષરજ્ઞાન ઝાઝું ન પામ્યા હોવાં છતાં નાવિકો-ખલાસીઓ, માછીમારોને નિત્ય નિરંતર કુદરતનો સાક્ષાત્કાર કરવાનો વિરલ લાભ મળે છે. તેઓ કુદરતની વધુ નજીક હોય છે. આ દુન્યવી અને ભૌતિક પળોજણથી તેઓ કંઈક અલિપ્ત હોય છે. એટલે જ કદાચ તેઓ નિષ્ઠાપૂર્વક સાહસ સાધના કરી શકે છે. એ રીતે જોતાં એ લોકો સાધકો કે તપસ્વીઓ ગણાય.

આ તપસ્વીઓ કે સાધક પ્રકારના સમુદાયમાં રહેલું ખમીર વ્યવસ્થિત આવિષ્કાર પામે અને તે રીતે સમાજમાં આવા સાહસિકો પ્રત્યેની ગુણભાવના પ્રગટે તથા સમાજમાં તેમના પુરુષાર્થની નોંધ લેવાય તે માટે હોડી સ્પર્ધા યોજવાની સદ્ગત પરમ પૂજ્ય મોટાએ આજ્ઞા કરી હતી. આ બાબતમાં એક વખત સુરતના કુરુક્ષેત્રના આશ્રમમાં તેઓશ્રીની સાથે વિગતે ચર્ચા થઈ હતી ત્યારે તેમણે અણસાર આપ્યો હતો કે આ દરિયાલાલો સાચા યોગીઓ છે. તોફાન સામે, વાવાઝોડા સામે, વંટોળ સામે સામી છાતીએ લડવાનું તેઓ શીખ્યા છે. તેમના જીવનમાંથી બહુજન સમાજે આ પ્રતિકાર શક્તિનો બોધપાઠ લેવા જેવો છે. જીવનની ઘટમાળમાં જીવતા સામાન્ય માણસો જેવો સ્વાર્થ તેમને સ્પર્શ્યો હોતો નથી. સતત પુરુષાર્થ એ જ તેમનો જીવનમંત્ર અને આપણે એ જીવનમંત્ર અપનાવવા જેવો છે. તેમની નિરક્ષરતા છતાં તેમના જીવનમાં ભારોભાર વણાયેલી ઉદાત્ત સાહસ ભાવના તથા પુરુષાર્થ પરાયણતાને બીરદાવી શકાય તથા વર્તમાન જીવનરીતિમાં સાહસસેવાનાં નવાં મૂલ્યો સ્થાપી શકાય એ જ હોડી સ્પર્ધા જેવા આયોજનનો મૂળભૂત ઉદ્દેશ છે. ભવિષ્યનું સમાજજીવન–લોકજીવન સમાજવાદી સમાજ-રચનાનાં સિદ્ધાંતો ઉપર નિર્ભર હોય અને સમાજના પ્રત્યેક માનવીની શક્તિઓની યોગ્ય મૂલવણી અને આવિષ્કાર થતાં હોય એવી આપણી ઝંખના બર લાવવામાં આવી સમાજ ઘડતરની પ્રવૃત્તિઓ નિર્ણાયક ભાગ ભજવી શકે.

માછીમાર ભાઈઓ. ખલાસીઓ નવિકો, તેમનાં બાહુબળથી પૂરેપૂરા પરિશ્રમથી તેમનો રોટલો રળતા હોય છે. તેમનામાં જીવન જીવવાની અનોખી ખુમારી હોય છે. આવી સ્પર્ધા તેમના વ્યક્તિત્વનાં ગુણધર્મો પ્રગટાવતી અને પોષતી રહી છે. સદ્‌ગત પૂજ્ય મોટાએ કહ્યું હતું કે કુદરતના આધિપત્યનો સ્વીકાર કરવાની સાથોસાથ કુદરતને ઓળખવાનો તેઓ પુરુષાર્થ કરે તેમાં એક સાધના રહેલી છે અને તે સાધના બળવત્તર બનાવવાનો મારો હેતુ છે. પવનની ઝડપે તેઓ તેમની નાવ હંકારતાં જાય અને બાહુબળને જોરે તેઓ સંસાર સામે મીટ માંડતાં થાય એ જોવાનું મને ગમે. આ પ્રવૃત્તિને પૂજ્ય મોટાના આશીર્વાદ સાંપડેલા છે જ. એટલે આપણે સૌએ આ પ્રવૃત્તિની નૌકાને ભવ્ય સિદ્ધિના ઓવારે પહોંચાડવાની છે જે માટે આપણે સૌ સતત કર્તવ્યનિષ્ઠ રહીએ તે જ અપેક્ષા અને શ્રદ્ધા. અસ્તુ.

**ધ્રુવકુમાર શાસ્ત્રી**
નિયામક

# સાગર સાહસનું સોપાન

ગરવી ગુજરાતની સાગરખેડુ કોમના ખમીરને પ્રગટાવતી આ સાહસલક્ષી સાગર સ્પર્ધાનું આ ૧૧ મું વર્ષ છે. સાગર સાથેની દોસ્તી સિદ્ધ કરતી આ સ્પર્ધા સાથે સદ્‌ગત પૂ. મોટાની પ્રેરક સ્મૃતિ સંકળાયેલી છે. પૂ. મોટા આવી સાહસિક પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોમાં સાહસ, ધૈર્ય, તિતિક્ષા ત્યાગ અને દેશદાઝના સદ્‌ભાવ પ્રગટે તે જોવા ખૂબ ઉત્સુક હતા. આ માટે તેઓશ્રી દ્વારા અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધા માટે રૂ. ૧,૨૫૦૦૦ અને સમુદ્ર હોડી સ્પર્ધા માટે રૂ. ૪૦,૦૦૦ના દાન મળેલાં છે. આ રકમમાંથી સ્પર્ધકોને ઈનામો આપવામાં આવે છે. પૂ. મોટાની પ્રેરણાથી રાજ્ય યુવક બોર્ડના ઉપક્રમે આ બંને સાહસઉત્સવનું નિયમિત આયોજન થઈ રહ્યું છે.

સાગરખેડ આ દેશનો એક પુરાણો–ઐતિહાસિક વ્યવસાય છે. આપણા ઇતિહાસનાં પાનાઓ આપણા વહાણવટીઓ, માલમેના શૌર્ય અને સમર્પણની અનેક રસભરી ગાથાઓથી સભર છે. ભારતીય સંસ્કૃતિના દેશવિદેશમાં પ્રચાર અને પ્રસાર માટે આપણા સાગરખેડુઓનું પ્રદાન ખરેખર અનન્ય છે, જેની સાક્ષી આપણા ઇતિહાસના પાનાઓમાં અંકિત થયેલી છે. ભારતીય સંસ્કૃતિને ઠેઠ જાવા, સુમાત્રા. બાલી,

ફિજી, માડાગાસ્કર ટાપુઓ સુધી ફેલાવી "વિશાળ ભારત"નું સર્જન કરવામાં આ સાગરખેડુઓએ સંસ્કૃતિના વાહક તરીકે અનન્ય સેવાઓ આપેલી છે. આમ પ્રાચિન કાળથી આપણા સાગરખેડુઓની એક ભવ્ય પરંપરા આપણે ત્યાં છે.

રાજ્ય યુવક બોર્ડના ઉપક્રમે યોજાતા આ સાહસ ઉત્સવને માણતા હોઈએ ત્યારે આપણને ભવ્ય ભૂતકાળની ઝાંખી થયા વગર રહેતી નથી. આ સાહસ ઉત્સવની પાછળ ઘણી ભાવના ગુણોની ચિનગારી પડેલી છે. એની મૂકવાણી આપણને જીવનવિકાસમાં ઉપયોગી એવા સંદેશાઓ આપે છે, સમ્યક દિશા બતાવે છે. આ રીતે યુવાનો માટે આ પ્રકારના સાહસિક કાર્યક્રમો તેમનામાં ગુણોની ચિનગારી પ્રગટાવી સાચા અર્થમાં ઉત્કૃષ્ટ માર્ગદર્શક કે ભોમિયાની ગરજ સારે છે. સાગરની ગહનતા અને તેની વિશિષ્ટ પરિસ્થિતિ આપણમાં પ્રવૃત્તિવાદ, સહકાર્ય, સમતા અને પ્રભુનિષ્ઠા જેવા ગુણો પ્રગટાવવામાં પણ મદદરૂપ બને છે. ખરેખર સાગર-સાહસથી સભર એવી આ સ્પર્ધા વ્યક્તિત્વ ઘડતરની વિશિષ્ઠ પ્રક્રિયા બની રહે છે. આ નિમિત્તે રાજ્યયુવક બોર્ડના યુવક વિકાસ કાર્યક્રમોના વ્યાપ તથા વૈવિધ્યનું પણ અહીં સાગરકાંઠે નવું પરિમાણ સિદ્ધ થાય છે.

ગુજરાતના સમગ્ર સાગરકિનારાના આપણા કુશળ અને નવલોહિયા સાગરખેડુઓને આ સ્પર્ધામાં તેમના ઉત્સાહ ઉલ્લાસ અને જોમ અનુભવવા મળે તે માટે રાજ્યના જુદા જુદા વિસ્તારમાં આ સ્પર્ધા યોજવાનો અભિગમ અપનાવેલો છે. અત્યાર સુધીમાં નીચે દર્શાવેલા સાગર વિસ્તારમાં આ નૌકા સ્પર્ધાઓ યોજવામાં આવી છે.

૧૯૭૦–૭૧ પ્રથમ દીવથી જાફરાબાદ
૧૯૭૧–૭૨ દ્વિતીય દીવથી જાફરાબાદ
૧૯૭૨–૭૩ તૃતીય મહુવાથી જાફરાબાદ
૧૯૭૩–૭૪ ચતુર્થ નવાબંદરથી જાફરાબાદ
૧૯૭૪–૭૫ પાંચમી નવાબંદરથી જાફરાબાદ
૧૯૭૫–૭૬ છઠ્ઠી નવાબંદરથી જાફરાબાદ
૧૯૭૬–૭૭ સાતમી ચોરવાડથી વેરાવળ
૧૯૭૭–૭૮ આઠમી માંડવીથી ઓખા
૧૯૭૮–૭૯ નવમી ઉમરગામથી ઉમરસાડી
૧૯૭૯–૮૦ દશમી દહેજથી ઘોઘા

અને હવે દરિયાલાલ સાથેની દોસ્તીનો દશકો પૂરો થયા પછી આ સાગરસાહસનું અગિયારમું સોપાન શરુ થાય છે દક્ષિણ ગુજરાતના નાનીદાંતીથી દમણના દરિયામાં. નાની દાંતીથી ૧૮–૧૨–૮૦ના રોજ સવારે ૮–૦૦ કલાકે સ્પર્ધાનો

પ્રારંભ થશે સ્પર્ધાનું અંતર આશરે ૧૮થી૨૦ નોટિકલ માઈલ રહેશે.

આ હલેસાંવાળી નૌકા સ્પર્ધામાં નાનીદાંતી, મોટીદાંતી ઉમરસાડી, કોસંબા, વાંસીબોરસી, ઓંજલ, ઉમરગામ, ખતલવાડ, કોલક, મત્રોદ, ડુંગળી, ધોલાઈ, કકવાડી ભાગળદાંડી, મરોલી, ફણસામોટલી, અને દમણના ખડતલ સાગરખેડુઓ ઉમંગ અને ઉત્સાહથી ભાગ લેશે. આ સ્પર્ધામાં ૧થી૩ ટન વજનવાળી હલેસાંવાળી હોડીઓની સંખ્યા આશરે ૫૦ની રહેશે તેમજ સ્પર્ધકોની સંખ્યા ૨૫૦ની થવા સંભવ છે. તા. ૧૮-૧૨-૮૦ના રોજ સવારે ૮-૦૦ કલાકે આ નૌકા સ્પર્ધાનો મંગળ પ્રારંભ થશે ત્યારે સાગરબાળો દરિયાલાલનો ખોળો ખૂંદતા ખૂંદતા પોતાની હોડીઓ ત્વરિત ગતિએ દમણ પહોંચાડવા પોતાના તમામ કૌશલ્યો ઠાલવશે અને પોતાના બાહુબળથી આ વિશિષ્ઠ સાગરસાહસમાં મોખરાનું સ્થાન મેળવવા અને નવા વિક્રમો સર્જવામાં પોતાની અનન્ય શક્તિઓનો સ્રોત વહાવશે અને ત્યારે આપણને એમના ખમીર આંગિક જોમ, કૌવત અને સાગરના પ્રચંડ પ્રવાહ અને વેગીલા પવનની ઝીંક ઝીલવાના દૃઢ મનોરથના દર્શન થયા વગર રહેશે નહિ. સદ્દગત પૂ. મોટા દ્વારા પ્રેરિત આ સાહસલક્ષી સાગર સ્પર્ધા આપણા યુવાનોમાં ગુણોની ચિનગારી અવશ્ય પ્રગટાવશે એવી શ્રદ્ધા છે. આ સાહસ ઉત્સવમાં પધારતા સૌ સ્પર્ધકોને રાજ્યયુવક બોર્ડ તરફથી અત્રે હૃદયપૂર્વક આવકારું છું અને સાહસની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવતા આનંદ અનુભવું છું.

**શિ. દે. ગોસ્વામી,**
યુવક બોર્ડ અધિકારી




વિજયરેખા હવે હાથવેંતમાં છે.



સ્પર્ધકોને પાછા પાડયાનો આનંદ



સ્પર્ધકોને સાહસ પ્રેરતા સાગરદેવ



ઉલ્લાસભેર આવકારતો લોકસમુદાય

# અગિયારમી મહાજન સમુદ્ર હોડી સ્પર્ધા

## (૧) રાજ્ય કક્ષાની વ્યવસ્થાપક સમિતિ

(૧) કલેકટરશ્રી, વલસાડ અને દમણ — અધ્યક્ષ
(૨) નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સચિવાલય, ગાંધીનગર. — ઉપાધ્યક્ષ
(૩) કમિશ્નર ઓફ ફિશરિઝ, અમદાવાદ — સભ્ય
(૪) ડાયરેકટર ઓફ પોર્ટસ, અમદાવાદ — ,,
(૫) ફ્લેગ ઓફિસર, નેવી, મુંબઈના પ્રતિનિધિ — ,,
(૬) શ્રી નરભેરામ મિસ્ત્રી, સુરત — ,,
(૭) શ્રી માર્કન્ડ વસાવડા, વડોદરા — ,,
(૮) શ્રી સતુભાઈ મુન્શી, ભરુચ — ,,
(૯) શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા — ,,
(૧૦) શ્રી વિરેન્દ્ર નાણાવટી, ગુ. રા. એકવે. એસો. અમદાવાદ. — ,,
(૧૧) યુવક બોર્ડ અધિકારી, ગાંધીનગર, — સભ્ય સચિવ

## (૨) સ્વાગત સમિતિ

(૧) પ્રમુખશ્રી, નગરપાલિકા, વલસાડ — અધ્યક્ષ
(૨) પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, વલસાડ — ઉપાધ્યક્ષ
(૩) પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, વલસાડ — સભ્ય
(૪) નાયબ વિકાસ અધિકારીશ્રી, વલસાડ — ,,
(૫) મામલતદારશ્રી, વલસાડ — સંવાહક
(૬) તાલુકાવિકાસ અધિકારીશ્રી, વલસાડ — સભ્ય
(૭) પ્રમુખશ્રી, જાયન્ટ, વલસાડ — ,,
(૮) પ્રમુખશ્રી, લાયન્સ, વલસાડ — ,,
(૯) પ્રમુખશ્રી, રોટરી, વલસાડ — ,,
(૧૦) પ્રમુખશ્રી, જેસીસ, વલસાડ — ,,
(૧૧) સરપંચશ્રી, ગ્રામપંચાયત, દાંતી — ,,
(૧૨) હોમગાર્ડ કમાન્ડરશ્રી, વલસાડ — ,,
(૧૩) શ્રી હિરાભાઈ પ્રમુખશ્રી, દક્ષિણ ગુ. વ. સં. વલસાડ — ,,
(૧૪) શ્રી એસ. ડી. ગોસ્વામી, યુવકબોર્ડ અધિકારી — ,,

## (૩) ભોજન-નિવાસ સમિતિ

(૧) પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, વલસાડ — અધ્યક્ષ
(૨) શ્રી હિરાભાઈ, સેક્રેટરી, દક્ષિણ ગુજરાત વહાણવટા અને મત્સ્યઉદ્યોગ સહકારી સંઘ, વલસાડ — ઉપાધ્યક્ષ
(૩) સરપંચશ્રી દાંતી — સભ્ય
(૪) મુકામી નાયબ કલેકટરશ્રી, વલસાડ — ,,
(૫) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી — સંવાહક

(૬) આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી, ફીશરીઝ સભ્ય
(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વલસાડ ,,
(૮) અધિવેક્ષકશ્રી, મત્સ્યઉદ્યોગ, વલસાડ ,,
(૯) નાયબ ઈજનેરશ્રી, રસ્તા અને મકાન, વલસાડ ,,
(૧૦) મેનેજરશ્રી, સરકારી ગેસ્ટ હાઉસ, વલસાડ ,,
(૧૧) મેનેજરશ્રી, જિ. પં. ગેસ્ટ હાઉસ, વલસાડ ,,
(૧૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વલસાડ ,,
(૧૩) શ્રી. સી. સી. ઠાકોર, પ્રોજેકટ ઓફીસર, ગાંધીનગર ,,

## (૪) સાધન સમિતિ

(૧) વિભાગીય પોલિસ અધિકારીશ્રી, વલસાડ અધ્યક્ષ
(૨) જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડ્સ, વલસાડ ઉપાધ્યક્ષ
(૩) સુપ્રિન્ટેન્ડન્ટ, કસ્ટમ, વલસાડ સભ્ય
(૪) સુપ્રિટેન્ડન્ટ, મત્સ્યઉદ્યોગ, વલસાડ ,,
(૫) પોર્ટ ઓફિસર, ભરૂચ ,,
(૬) યુવક બોર્ડ અધિકારીશ્રી, ગાંધીનગર ,,
(૭) શ્રી. વી. એમ. માછી, તાલીમી અધિકારી, મત્સ્યઉદ્યોગ
(૮) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, વલસાડ ,,
(૯) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ડાંગ ,,
(૧૦) પોલિસ સબ ઈન્સ્પેકટરશ્રી, વલસાડ ,,
(૧૧) આસિ. મિકેનિકલ એન્જીનીયર, ફીસરીઝ, વલસાડ ,,
(૧૨) શ્રી હિરાભાઈ, મંત્રી શ્રી, દક્ષિણ ગુ.વ.સં. વલસાડ ,,
(૧૩) હોમ , ઈન્સ્પેકટરશ્રી સંવાહક

## (૫) વાહન વ્યવહાર સમિતિ

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વલસાડ અધ્યક્ષ
(૨) મુકામી નાયબ કલેકટરશ્રી, વલસાડ ઉપાધ્યક્ષ
(૩) વિભાગીય નિયામકશ્રી, સ્ટેટ ટ્રાન્સપોર્ટ, વલસાડ સભ્ય
(૪) મદદનીશ વાહન વ્યવહાર અધિકારીશ્રી, વલસાડ ,,
(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, રસ્તા અને મકાન, વલસાડ ,,
(૬) ,, ,, જિલ્લા પંચાયત, વલસાડ ,,
(૭) મામલતદારશ્રી, વલસાડ ,,
(૮) તાલુકા વિકાસ અધિકારી, વલસાડ સંવાહક
(૯) ખાસ અધિકારીશ્રી, યુવક બોર્ડ ગાંધીનગર સભ્ય

## (૬) તબીબી સમિતિ

(૧) સિવિલ સર્જનશ્રી, નવસારી અધ્યક્ષ
(૨) જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, વલસાડ ઉપાધ્યક્ષ
(૩) આર. એમ. ઓ., નવસારી સંવાહક
(૪) મેડીકલ રેડક્રોસ સોસાયટી, વલસાડ સભ્ય
(૫) મેડીકલ રેડક્રોસ સોસાયટી, નવસારી ,,
(૬) મેડીકલ ઓફિસરશ્રી, પ્રાયમરી હેલ્થ સેન્ટર, ચોરવાડ ,,
(૭) મેડીકલ ઓફિસરશ્રી, પ્રાયમરી હેલ્થ સેન્ટર, ડુંગરી ,,

## (૭) પ્રચાર-પ્રકાશન સમિતિ

(૧) મદદનીશ માહિતી નિયામકશ્રી, સુરત અધ્યક્ષ
(૨) ડૉ. મહેશ ચોકસી, પ્રચાર અધિકારીશ્રી, યુવક સેવા સાં.પ્ર ઉપાધ્યક્ષ

(૩) માહિતી કચેરીના પ્રતિનિધિ, વલસાડ — સંવાહક
(૪) શ્રી રણજીતભાઈ દેસાઈ, વલસાડ — સભ્ય
(૫) શ્રી મહેશભાઈ, વલસાડ — ,,
(૬) શ્રી નિરંજનભાઈ દેસાઈ, વલસાડ — ,,
(૭) મામલતદારશ્રી, વલસાડ — ,,
(૮) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વલસાડ — ,,

### (૮) પ્રવેશપત્ર ચકાસણી સમિતિ

(૧) મદદનીશ નિયામકશ્રી, મત્સ્યઉદ્યોગ, વલસાડ — સંવાહક
(૨) પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, વલસાડ — સભ્ય
(૩) શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા — સભ્ય
(૪) શ્રી હિરાભાઈ પ્રમુખશ્રી, દક્ષિણ ગુ.વ.સં. મંડળ — સભ્ય
(૫) મામલતદારશ્રી, વલસાડ — સભ્ય
(૬) અધિવેક્ષકશ્રી, મત્સ્યઉદ્યોગ, વલસાડ — સભ્ય
(૭) સર્કલ પોલીસ ઇન્સપેક્ટર, વલસાડ — સભ્ય
(૮) શ્રી એસ. ડી. ગોસ્વામી, યુવક બોર્ડ અધિકારી — સભ્ય
(૯) જિલ્લા રમતગમત અધિકારી, વલસાડ — ,,

## વિવિધ સમિતિ–દમણ (કેન્દ્ર શાસિત પ્રદેશ)

### સ્વાગત સમિતિ

(૧) કલેકટરશ્રી, દમણ — અધ્યક્ષ
(૨) ડેપ્યુટી કલેકટરશ્રી, દમણ — સભ્ય
(૩) શ્રી એન. એલ. ટંડેલ, ધારાસભ્ય દમણ — ,,
(૪) પ્રેસિડેન્ટ, મ્યુનિસિપાલિટી, દમણ — ઉપાધ્યક્ષ
(૫) પ્રિન્સિપાલ, સરકારી કોલેજ, દમણ — સભ્ય
(૬) પ્રમુખશ્રી, લાયન્સ કલબ, દમણ — ,,
(૭) ,, રોટરી કલબ, દમણ — ,,
(૮) ,, મહિલા મંડળ, દમણ — ,,
(૯) શ્રી પ્રેમાભાઈ સી. ટંડેલ, પ્રમુખ માછી સમાજ, દમણ — ,,
(૧૦) ડેપ્યુટી એજયુકેશન ઓફિસરશ્રી, દમણ — ,,
(૧૧) શ્રી પ્રેમાભાઈ એસ. પ્રભાકર, ઉપપ્રમુખ, માછી સમાજ, દમણ — ,,
(૧૨) શ્રી ગુલામહુસેન આર. મહાવાલા, દમણ — ,,
(૧૩) શ્રી વાસુદેવ ટી દવે, મેનેજર સુ. કો. બેન્ક, દમણ — ,,
(૧૪) ,, કે. વી. ગોસ્વામી, બી. ડી. ઓ, દમણ — ,,
(૧૫) ,, મામલતદાર, દમણ — ,,

(૧૬) શ્રી યુથ કોઓર્ડીનેટર, દમણ સભ્ય
(૧૭) ,, ફાધર વિલિંગ્ટન, નાની દમણ ,,
(૧૮) ,, ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલિસ, દમણ ,,
(૧૯) ,, મકનભાઈ વાઘેલા, માજી ધારાસભ્ય ,,
(૨૦) ,, દાજીભાઈ કે ટંડેલ, દમણ ,,
(૨૧) ,, આર. સી. ભાટિયા, એડવોકેટ, મોટી દમણ ,,
(૨૨) ,, એનરજી, એજન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇંડીયા, નાની દમણ ,,
(૨૩) ,, સિસ્ટર નિઓલ, પ્રિન્સિપાલ, અવર લેડી ઓફ ફાતિમા કોન્વેન્ટ હાઇસ્કુલ, મોટી દમણ ,,
(૨૪) ,, મિસ્ત્રી, મેનેજર, દેના બેંક, નાની દમણ ,,
(૨૫) ,, આર. વી. ભંડારી, મેનેજર, ગોવા બેંક, દમણ ,,
(૨૬) ,, જોગીભાઈ એમ. ટંડેલ, નાની દમણ ,,
(૨૭) ,, સી. સી. ઠાકોર, પ્રોજેક્ટ અધિકારી, ગાંધીનગર ,,

## (૨) ભોજન-નિવાસ સમિતિ

(૧) શ્રી કાર્યપાલક ઈજનેરશ્રી, પી ડબલ્યુ. ડી, દમણ અધ્યક્ષ
(૨) ,, આસિ. ઈલેક્ટ્રિકલ એંજીનીયર, દમણ સભ્ય
(૩) ,, જી. ડી. વાનેચા, એ. ડી. આઇ ઈન. પી. ઈ. સંવાહક
(૪) ,, એસ. જી. જોષી, યુ. કો. બેંક, દમણ સભ્ય
(૫) ,, વલ્લભભાઈ ટંગાલ, પ્રમુખશ્રી, દમણ જિલ્લા કો-ઓપ બેંક, દમણ ,,
(૬) શ્રી વી. ટી. દવે, નાની દમણ સભ્ય
(૭) ,, જે. એસ. પ્રભાકર, નાની દમણ ,,
(૮) ,, મેનેજર, મરીના હોટેલ, નાની દમણ ,,
(૯) ,, હેડમાસ્તર, સરકારી હાઈસ્કુલ, મોટી દમણ ,,
(૧૦) મેનેજર, સોવરિન હોટેલ, નાની દમણ ,,
(૧૧) શ્રી એમ. સી. પટેલ, એ. ડી. ઈ. આઇ, એજ્યુકેશન ઓફિસ, દમણ ,,
(૧૨) ,, નરેન્દ્રભાઈ ત્રિવેદી, સેક્રેટરી, દમણ ડીસ્ટ્રીકટ કો-ઓપ. સોસાયટી, દમણ ,,
(૧૩) ,, એસ. આર. વાઘેલા, યુથ કોઓર્ટીનેટર, નહેરુ યુવક કેન્દ્ર, નાની દમણ ,,
(૧૪) ,, જી. કે. આચાર્ય, હેડ કલાર્ક, ગાંધીનગર ,,

## (૩) સાધન સમિતિ

(૧) ડેપ્યુટી કલેકટરશ્રી, દમણ અધ્યક્ષ
(૨) સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ફિશરિઝ, દમણ સભ્ય
(૩) ,, ,, કસ્ટમ, દમણ ,,
(૪) એકસાઈઝ ઈન્સ્પેકટર, દમણ ,,
(૫) મરિન સેક્રેટરી, દમણ ,,
(૬) શ્રી વલ્લભભાઈ કે. ટંડેલ (લુલી) દમણ ,,
(૭) ,, લિયાકત પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, ડાંગ ,,

## (૪) વાહન વ્યવહાર સમિતિ

(૧) ડેપ્યુટી કલેકટરશ્રી, દમણ અધ્યક્ષ
(૨) બ્લોક ડેવલપમેન્ટ ઓફિસરશ્રી, દમણ સભ્ય
(૩) ડેપ્યુટી એજ્યુકેશન ઓફિસરશ્રી, દમણ ,,
(૪) ડેપો મેનેજર, એસ. ટી. વાપી. ,,
(૫) આસિ. મોટર વેહિકલ ઇન્સપેકટર, દમણ ,,
(૬) શ્રી દયાળભાઈ પટેલ, ચેરમેન, બ્લોક સલાહકાર સમિતિ, દમણ ,,
(૭) શ્રી એમ. એસ. શ્રીમાળી, સ્પે. ઓફિસર, ગાંધીનગર ,,

## (૫) તબીબી સમિતિ

(૧) સિવિલ સરજન, ગવર્નમેન્ટ હોસ્પીટલ, દમણ અધ્યક્ષ
(૨) હેલ્થ ઓફિસર, પબ્લિક હેલ્થ સેન્ટર, દમણ ઉપાધ્યક્ષ
(૩) ડૉ. શાંતિલાલ દેસાઈ સભ્ય
(૪) ડૉ. બાજપાઈ, ઈ. એન. ટી. સર્જન, દમણ ,,
(૫) ,, આહવાલિયા, નાની દમણ ,,
(૬) ,, જે. બી. પ્રભાકર, નાની દમણ ,,

## (૬) પ્રચાર–પ્રકાશન સમિતિ

(૧) સ્ટેટિસ્ટીકલ ઓફિસર, દમણ અધ્યક્ષ
(૨) યુથ કોઓર્ડીનેટર, નહેરુ યુવક કેન્દ્ર, નાની દમણ સભ્ય
(૩) એડિટર, દમણ ટાઈમ્સ, નાની દમણ ,,
(૪) શ્રી ભીખુભાઈ એન. દેસાઈ, રિપોર્ટર, ગુજરાત મિત્ર વાપી સભ્ય
(૫) શ્રી સી. સી. ઠાકોર, પ્રોજેકટ ઓફિસર, ગાંધીનગર ,,

## અધિકારીઓની યાદી

### લવાદપંચ

(૧) શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી, નિયામક, યુવક સે. સાં. પ્ર, ગાંધીનગર
(૨) શ્રી લેફ. કોમોડોર, હિંદપાલ, નેવી, મુંબઈ
(૩) શ્રી માર્કન્ડ વસાવડા, પ્રતિનિધિ, હરિ ઓમ આશ્રમ, નડિયાદ
(૪) શ્રી વિરેન્દ્ર નાણાવટી, મંત્રી, ગુ. રા. એકવેટીક એસો, અમદાવાદ
(૫) યુથ બોર્ડ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૬) શ્રી કાંતિભાઈ આર. પટેલ, મુખ્ય કાર્ય. અધિકારી, રા.ર.ગ. સંસ્થા, ગાંધીનગર.
(૭) જિલ્લા પોલિસ અધિકારી, વલસાડ

### મુખ્ય વ્યવસ્થાપક

(૧) શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી, નિયામક યુ.સે.સાં.પ્ર. ગાંધીનગર

### સહમુખ્ય વ્યવસ્થાપકો

(૧) શ્રી એસ.ડી.ગોસ્વામી, યુવકબોર્ડ અધિકારી, ગુ.રા. ગાંધીનગર

(૨) શ્રી વિરેન્દ્ર નાણાવટી, મંત્રી, ગુ.રા. એકવેટીકએશો અમદાવાદ.

(૩) શ્રી આર.સી. પરીખ, મદદનીશ મત્સ્યઉદ્યોગ, વલસાડ

(૪) શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા

(૫) શ્રી એમ. એસ. શ્રીમાળી, ખાસ અધિકારી, યુથબોર્ડ

(૬) શ્રી આર. એસ. વાઘેલા, યુથ કો–ઓર્ડીનેટર, નાનીદમણ

(૭) શ્રી મોહનભાઈ પરમાર, વહીવટી અધિકારી, યુ.સે.સાં.પ્ર. ગાંધીનગર

(૮) શ્રી એમ. કે. મકવાણા, હિસાબ અધિકારી, ગાંધીનગર

## મદદનીશ ટેકનિકલ મેનેજર

(૧) શ્રી એન. સી. રામી, અધિક્ષક, મત્સ્યદ્યોગ, વલસાડ

(૨) શ્રી ડી. બી. રાણા, પોર્ટ સુપરવાઈઝર, ભરુચ

(૩) શ્રી વી.એમ.માછી, મત્સ્યદ્યોગ તાલીમ અધિકારી, વલસાડ

(૪) કસ્ટમ સુપ્રિટેન્ડેન્ટ, વલસાડ

(૫) સુપ્રિટન્ડેન્ટ ઓફ ફિશરીઝ, દમણ

(૬) ,, ,, કસ્ટમ, દમણ

## પ્રસ્થાનકાર

(૧) સિનીયર પોલીસ સબ ઈન્સ્પેકટર, વલસાડ

(૨) શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા

## વિજયરેખા પંચ–સમયપંચ

(૧) શ્રી જે. કે પંડયા, સ્વીમીંગ કોચ, એસ. આઇ. એસ. ગાંધીનગર

(૨) ,, એમ. જી. ભગત ,, ,, ,, ,,

(૩) ,, કાર્તિકભાઈ દવે, ,, ,, આઈ. પી. સી. એલ. વડોદરા

(૪) ,, જી. કે. આચાર્ય, હેડ કલાર્ક, ગાંધીનગર

(૫) ,, એલ. એમ. પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, ડાંગ

(૬) ,, જી. ડી. વાઘેલા એ. ડી. આઈ ઈન પી. ઈ., દમણ

## મદદનીશ વ્યવસ્થાપકો

(૧) શ્રી નાનુભાઈ પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, વલસાડ

(૨) ,, સી. સી. ઠાકોર, પ્રોજેકટ અધિકારી, ગાંધીનગર

(૩) ,, જી. કે. આચાર્ય, હેડ કલાર્ક, ગાંધીનગર

(૪) ,, એલ. એમ. પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, ડાંગ

(૫) ,, કાર્તિક દવે, આઈ. પી. સી. એલ, વડોદરા

## ટેકનિકલ મેનેજર

(૧) શ્રી સતુભાઈ મુન્શી, ભરુચ

(૨) શ્રી પ્રકાશ પટેલ, મોન્ટર્સ, વડોદરા

(૩) સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ કસ્ટમ, વલસાડ

(૪) શ્રી વિરેન્દ્ર નાણાવટી, સેક્રેટરી, ગુ. રા. એકવે. એશો. અમદાવાદ.

(૫) શ્રી આર. સી, પરીખ, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, વલસાડ

## કાર્યાલય વ્યવસ્થાપકો

(૧) શ્રી એમ. એસ, શ્રીમાળી, ખાસ અધિકારી, યુથબોર્ડ

(૨) શ્રી સી, સી, ઠાકાર, પ્રોજેક્ટ અધિકારી, ગાંધીનગર

(૩) શ્રી નાનુભાઈ પટેલ, જિલ્લા રમતગમત અધિકારી, વલસાડ

(૪) શ્રી એલ. એમ. પટેલ, ,, ,, ,, ડાંગ

(૫) શ્રી જી. કે. આચાર્ય, હેડ કલાર્ક, ગાંધીનગર

(૬) શ્રી ડી. એસ. શુકલ, કલાર્ક, ગાંધીનગર

(૭) શ્રી કે. આર. પટેલ, કલાર્ક, ગાંધીનગર

(૮) શ્રી નિયારણ, કલાર્ક, જિલ્લા રમતગમત અધિકારી, વલસાડ

## દશમી હોડી સ્પર્ધાનું પરિણામ

| ક્રમાંક | સ્પર્ધામાં હોડીનો નંબર | હોડીનું નામ | ટનેજ | ગામ | હરીફનું નામ | ઘોઘા પહોંચવાનો સમય | સ્પર્ધા માટે લીધેલો સમય ક. મિ. | વિજેતા ક્રમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૬. | નર્મદાદેવી | ૪.૭૫ | ભાડભૂત | ભગુભાઈ કેશવભાઈ | ૧૧.૨૦ | ૩–૨૦ | ૧ |
| ૨. | ૮. | રામનવમી | ૪.૭૫ | ,, | રત્નાભાઈ મૂળજીભાઈ | ૧૧.૨૨ | ૩–૨૨ | ૨ |
| ૩. | ૨. | સત્યવંતી | ૫.૦૦ | ,, | જેમાભાઈ પવીઆભાઈ | ૧૧.૨૩ | ૩–૨૩ | ૩ |
| ૪. | ૧૧. | ઉર્વદા | ૪.૦૦ | ધજલપુર | મગનભાઈ સીતાભાઈ | ૧૧.૨૪ | ૩–૨ | ૪૪ |
| ૫. | ૧૬. | લક્ષ્મી | ૩.૫૦ | ,, | નાથુભાઈ મંગાભાઈ | ૧૧.૨૯ | ૩–૨૯ | ૫ |
| ૬. | ૧. | કલાવતી | ૪.૭૫ | ભાડભૂત | શંકરભાઈ જેમાભાઈ | ૧૧.૩૦ | ૩–૩૦ | ૬ |

એમ્બસી પ્રિન્ટર્સ, ૪, એમ્બસી માર્કેટ, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.